# <u>પ્રેસ નોટ</u>

## મિલ્કત સંબંધી ગુનાનો ભેદ ઉકેલી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી “કે” ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એસ.ચાવડા સાહેબનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી <u>સંદિપ સ/ઓ રવિચન્દ પ્રકાશભાઇ કશ્યપ ઉ.વ.૨૭ ધંધો.નોકરી રહે હાલ : મહાદેવ ડાયન્ગ નામની ફેક્ટરી મુરારીભાઈ મિશ્રાની ફેક્ટરી ના અંદર બી.આર.ટી.એસ વર્ક શોપ ની પાછળ બોમ્બે હોટેલ દાણીલીમડા અમદાવાદ શહેર મુળ વતન ગામ.ઇસ્માઇલપુર નવરંગપુર મહોલ્લો તા.કનોજ જિ.કનોજ ઉતરપ્રદેશ</u> નાઓને સ્પ્લેન્ડર મો.સા.નંબર જીજે.૦૨.એ.એલ. ૩૭૪૭ કિ,રુ,૨૫,૦૦૦/ ના મુદામાલ સાથે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી લઇ <u>નારોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૨૭/૧૯ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯</u> મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.